જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૧/૨૦૨૩ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૫૪/૨૦૨૩

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૪/૦૧/૨૦૨૩ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPC અને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૫૦ | ૦ | ૧૫૦ | ૪૨૮ | ૦ | ૪૨૮ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૭૦૩ | ૦ | ૧૦૦૭૦૩ | ૧૦૯૬૦૬ | ૦ | ૧૦૯૬૦૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬ | ૧,૨૪,૧૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૫/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૧૭૪ લીટર દેશી દારૂ, ૭૪૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪૧ બિયર ટીન અને ૩ મોટર સાયકલ કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૧૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૬/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૫૭/૨૦૨૩**

**ખોખરાઃ** મિલનભાઇ યશવંતરાય ટાંક (રહે. સહયોગ એપાર્ટમેન્ટ પુનમ ફ્લેટ પાસે મણીયાસા સોસાયટી ખોખરા) એ તા.૨૪/૦૧/૨૦૨૩ ના રોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧૧/૨૦૨૨ કલાક ૧૦/૦૦ થી કલાક ૧૨/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાના તાળા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને મોબાઈલ ફોન મળી કિમત રૂપિયા ૧,૨૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી તેજપાલસિંહ પુરણસિંહ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૫૮/૨૦૨૩**

**આનંદનગરઃ** દેવાશીષ સ/ઓ અરવિંદ શ્રીવાસ્તવ (રહે. સેક્ટર-૪ એલ્ડીકો-૧ એરીયા ઉદયન-૧ બંગલા બઝાર લખનૌ શહેર ઉત્તરપ્રદેશ રાજ્ય) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૧/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે સેલ્બી હોસ્પીટલ પ્રહલાદનગરની બાજુમાં આવેલ ખુલ્લા પાર્કીંગ પ્લોટમાં પાર્ક કરેલ કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી કેમેરા નંગ-૨ કિમત રૂપિયા ૩૯,૦૦૦/- તેમજ પંદર જોડ ભરેલ કપડાની બેગ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી કનુભાઈ સબુરભાઈ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૯/૨૦૨૩**

**એલીસબ્રીજઃ** અલ્કાબહેન વા/ઓ રસીકભાઇ દોશી (ઉ.વ.૫૫) (રહે. મિરા માધવ ફ્લેટ કલ્પવૃક્ષ ફ્લેટ સામે પ્રિતમનગર પાલડી એલીસબ્રીજ) તા.૨૩/૦૧/૨૦૨૩ સાંજના ૬/૧૫ વાગ્યાના સુમારે પ્રિતમનગર અમૃતજ્યોતિ સ્કુલ પાસે આદીનાથ ફ્લેટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક કાળા રંગના એકટીવા ઉપર આવેલ બે પુરૂષ અલ્કાબહેન દોશીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગે અલ્કાબહેન દોશીએ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ડી.ડી.પટેલ ચલાવે છે.

## <u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૬૦/૨૦૨૩</u>

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ (૧)** ઝરીના ઇમરાન અંસારી (ઉ.વ.૩૬)(રહે.સફર ડુપ્લેક્ષ હુસેની પાર્ક વિશાલા હોટલ પાસે, જુહાપુરા) તા.૨૪/૦૧/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે સરખેજ થી જુહાપુરા ચાર રસ્તા તરફ જતા એચ.પી.પેટ્રોલ પંપ સામે રોડ ઉપર સ્કુટી પાછળ પોતાના આઠ વર્ષના પુત્ર હસ્સાન ઇમરાન અંસારીને બેસાડી પસાર થઇ રહ્યા હતા ત્યારે ટ્રેકટર નંબર જીજે ૦૧ એલક્યુ ૫૩૮૩ ના ચાલકે ટ્રેકટર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી સ્કુટીને ટક્કર મારતા, બંનેને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને ખાતુન હોસ્પીટલ ખાતે લઇ જતા ઝરીના અંસારીને બપોરના ૩/૩૦ વાગે અને હસ્સાનને બપોરના ૪/૦૦ વાગે ફરજ પરના ડૉ.શ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર ઝરીના અંસારીના પતિ ઇમરાન અંસારીએ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

**"એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ(૨)** માયાબહેન પ્રતાપભાઇ ચૌધરી (ઉ.વ.૭૨)(રહે.પતરાવાળી ચાલી, પાવાગઢ ચોક પાસે, રાયખડ) તા.૨૪/૦૧/૨૦૨૩ ના કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે એલીસબ્રીજ પ્રિતમનગર ચાર રસ્તા પાસે રોડ ક્રોસ કરતા હતા ત્યારે અજાણ્યા વાહનના ચાલકે પુરઝડપે અને બેદરકારી થી વાહન ચલાવી લાવી, માયાબહેનને ટક્કર મારતા, શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર માયાબહેનના પુત્ર પ્રકાશભાઇ ચૌધરીએ "એમ" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.જી.કટારીયા ચલાવે છે.

## <u>આત્મહત્યાઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૬૧/૨૦૨૩</u>

**રિવરફ્રંટ વેસ્ટઃ** ગિરીશભાઇ રિધ્ધરામ સિંદમ (ઉ.વ.૬૦) (રહે. પટેલ પરમાનંદની ચાલી વિજય પેટ્રોલ પંપ પાસે રખિયાલ રોડ ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૩ કલાક ૧૧/૦૦ વાગ્યા પહેલા ફુલ બજાર તરફ જમાલપુર બ્રીજ પાસે રીવરફ્રન્ટ વોક-વે રેમ્પ નંબર-૨ નજીક નદીમાં પડતુ મુકી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**ચાંદખેડાઃ** દશરાજસિંઘ શ્યામલાલ વર્મા (ઉ.વ.૨૯) (રહે. કાચા છાપરામાં કોટેશ્વર રોડ મોટેરા શરણ સેફ્રાપર સામે સોમનાથ પાર્ટી પ્લોટ નજીક મોટેરા) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે લાકડાની વળી સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

**શાહપુરઃ** જીનેશકુમાર ચન્દ્રકાંતભાઈ શાહ (ઉ.વ.૪૨) (રહે. ધવલગીરી ફ્લેટ શાહપુર બહાઈ સેન્ટર શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૧/૨૦૨૩ કલાક ૧૧/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંકના ધાબા ઉપરથી પડતું મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને શેઠ વા.સા.હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ મૃત જાહેર કર્યા હતા. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.મેકવાન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી